ઉત્તર ગુજરાત શિયાળાના અંતિમ ચરણમાં ઠુંડુગાર

નાગરિકો ઠુંઠવાયા : શીતલહેર સાથે હાડ થીજવતી ઠંડીથી જનજીવન પ્રભાવિત : પશુ-પક્ષીઓની હાલત કફોડી

મોડાસા, તા. ૨૨

ઉત્તરભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હિમવર્ષા અને શિતલહેરોની અસર તળે ઉત્તર ગુજરાતમાં પણ પાછલા ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાનનો પારો ગગડતા તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ઉત્તર ગુજરાતમાં વર્ષ ૨૦૧૬ના પ્રથમ સપ્તાહમાં ઠંડીનું પ્રમાણ ઘટતા અને ગરમીનો પારો ઉંચકાતા પ્રજાજનોને ઉનાળાની શરૂઆત અનુભવાઈ હતી, પરંતુ જમ્મુ-કાશ્મીરમાં સતત હિમવર્ષા થતા ઉત્તરાયણના તહેવાર પછી ઠંડીનું પ્રમાણે જોર પકડ્યું હતું. છેલ્લા બે દિવસથી શિતલહેરી પવનોના લીધે ઉત્તર ગુજરાતના બધા વિસ્તારોમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળતા લોકો સહિત પશુ-પંખીઓ ઠંડીથી ઠુંઠવાઈ ગયા હતા. શિયાળાના અંતિમ ચરણોમાં ગાત્રો થીજવતી ઠંડીથી રવિ સિઝનને મહદઅંશે ફાયદારૂપ જણાતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો.

જમ્મુ-કાશ્મીર સહિત ઉત્તરીય ભારતમાં બરફવર્ષાના કારણે ઉત્તરભારત અને મધ્યભારત શીતલહેરની અસર હેઠળ આવી જતા ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં ઉત્તરાયણ પર્વ પછી ઠંડીનો ફરીથી પગપેસારો થતા હાલ હાડ થીજવતી ઠંડીમાં પ્રજાજનો ઠુંઠવાઈ રહ્યા છે. વહેલી સવારે ઉત્તર ગુજરાતના વાતાવરણમાં ધુમ્મસ અને ઝાકળ પડે તેવા નજારા પણ જોવા મળી રહે છે. અરવલ્લી જિલ્લામાં પાંચેક દિવસ પહેલા આકાશી વાદળો ઘેરાઈ સમી સાંજે જિલ્લાના ઘણાખરા વિસ્તારોમા કમોસમી ઝાપટુ પડતા રવિ સિઝન પાક પર ખતરો પેદા થયો હતો. પરંતુ પાછલા ચારેક દિવસથી ઠંડીએ ફરીથી જોર પકડતા રવિ સિઝનના ધાન્ય પાકોમાં ઉત્પાદનમાં વધારો તેમજ રવિસિઝન પાકમાં વાદળછાયા વાતાવરણથી નુકશાન થવાની ભીતી ગાત્રો થીજવતી ઠંડીથી હાલત કફોડી બની છે. તેમજ ખેતરોમાં અને માર્ગની આજુબાજુમાં ઝુંપડપટ્ટીવાસીઓ દિવસ રાત તાપણાના ચહારે ઠંડી સામે જંગ લડી રહેલા ઠેર-ઠેર નજરે પડી રહ્યા છે.

જિલ્લાનું તાપમાન ૧૦ ડીગ્રી જેટલું નીચે પહોંચી જતા બન્ને જિલ્લાના પ્રજાજનો ઠંડીથી બચવા તાપણુ સળગાવી રક્ષણ મેળવતા નજરે પડી જિલ્લાના ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો.

ઉત્તર ગુજરાતમાં જમ્મુ-કાશ્મીર સહિત ઉત્તરીય ભારતમાં બરફવર્ષાના કારણે ઉત્તરભારત અને મધ્યભારત શીતલહેરની અસર હેઠળ આવી જતા ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતના તાપમાનનો લઘુત્તમ પારો ૨ ડીગ્રીથી નીચે ઉતરતા પ્રજાજનો કાતિલ ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. અરવલ્લી-સાબરકાંઠા

મોડાસા નગરપાલિકાની ગટર યોજનામાં ભારે ખાયકીની બુમો પાડતા નગરજનો

મેઘરજ રોડ પર ગટરમાં લકઝરી બસ ઘુસી જતા પલટી ખાતા બચી : વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા દ્વારા નવિન ભુગર્ભગટર યોજના અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટર યોજનાનુ નિર્માણ કરી ગટર બનાવવામાં આવી છે.

નગરપાલિકા દ્વારા બનાવેલી નવિન ગટરોમાં ભારે ખાયકી આચરી હલકી કક્ષાના માલ-સામાનનો ઉપયોગ કરાયાની શહેરીજનો દ્વારા વારંવાર બુમો ઉઠવા પામી હતી. નગરપાલિકા દ્વારા બનાવેલી નવિન ગટરોના ઢાંકણો સેફ્ટીટેંક પર તકલાદી લગાવવાની સાથે કેટલીક સેફ્ટીટેંકના ઢાંકણ પણ નખાયા ન હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે આવી જ નવિન ગટર યોજના અંતર્ગત મોડાસાના હાર્દશમા ચાર રસ્તાથી મેઘરજ રોડના ઉમીયાચોક સુધીની નવિન ગટર યોજના નગરપાલિકાની ચૂંટણી પહેલા કોન્ટ્રાક્ટ દ્વારા ઉનાવળે પૂર્ણ કરી દેવામાં આવ્યુ હતુ. જેમાં સેફ્ટી ટેંકના ઢાંકળ ખુલ્લા રાખી દેવામાં આવ્યા હતા. તેમજ ઢાંકણ પણ હલકી કક્ષાના વપરાયાનુ લોકમુખે ચર્ચાતુ હતુ. ત્યારે મેઘરજ રોડ પરથી વિદ્યાર્થીઓને પ્રવાસે લઈને નિકળેલી લકઝરી બસનુ ટાયર ગટરમાં ઘુસી જતા પલટી ખાતા બચી ગઈ હતી. નવિન ગટરયોજના અંતર્ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા મોડાસા ચારરસ્તાથી મેઘરજ રોડ પર આવેલા ઉમીયા ચોક સુધીના માર્ગ પર વરસાદીના પાણીના નિકાલ માટે ઉતાવળે ૪૫ દિવસના અંદર નિર્માણ સદનસિબે લકઝરી બસમાં સવાર વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો.

મોડાસા નગરપાલિકા દ્વારા કરી દેવામાં આવ્યું હતું. અને ઉતાવળે પૂર્ણ કરાયેલા ગટરના કામકાજમાં કોન્ટ્રાક્ટર દ્વારા ગટર પર બનાવેલી સેફ્ટીટેંકના ઢાંકણો બંધ કરવાની તસ્દી ન લેતા ખુલ્લા રાખી દેવામાં આવ્યા હતા. જે અંગે પ્રજાજનો ભયભીત બનતા જે તે સમયે પ્રજાજનોના પ્રશ્નોને 'ગાંધીનગર સમાચાર' દ્વારા વાચા આપવામાં આવી હતી.

ઉનાવા-મીરાંદાતાર ગામે મુસ્લિમ જૂથો વચ્ચે થયેલી હિંસક અથડામણ : સમગ્ર વિસ્તારમાં ભારે ભય

ઊંઝા, તા. ૨૨

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા-મીરાંદાતાર સામે છેલ્લા ત્રણ દિવસથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મુસ્લિમ સમુદાયના બે જૂથો વચ્ચે અવારનવાર થતી હિંસક અથડામણ તેમજ મકાનોની તોડફોડ અને આગના બનાવોને લઈને પરિસ્થિતિ તંગદિલીભરી રહેતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભયનો માહોલ સર્જાયેલ છે.

તોફાનોને પગલે નવાવાસમાં રહેતા કેટલાક ગરીબ મુસ્લિમ પરિવારો ઘરબાર છોડીને બહાર સગાવ્હાલાને ત્યાં તેમજ અન્ય સ્થળોએ હિજરત કરી ગયા છે. પરિણામે નવાવાસનો વિસ્તાર સુમસામ જેવો ભાસે છે. અત્રે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે તેમ છતાં ગઈકાલે દિવસ દરમિયાન નવાવાસમાં બે મકાનોમાં કોઈ કારણસર આગ લાગી હતી. જેમાં એક મકાનમાં પાળેલું કુતરૂ પણ જીવતું ભુંજાઈ ગયું હતું અને ઘરવખરીને નુકશાન થયું હોવાનું જાણવા મળેલ છે.

પોલીસની હાજરી હોવા છતાં દિવસ દરમિયાન બે મકાનોમાં કયા કારણસર આગ લાગી તે અંગે હજી સુધી કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. પરંતુ વારંવારની આવી ઘટનાઓથી માહોલ વધુ ખરાબ અને ગંભીર બનતો જાય છે. તાલુકા યા જિલ્લા વહિવટીતંત્ર તેમજ પોલીસતંત્ર દ્વારા સ્થિતિને થાળે પાડવા માટે જરૂરી કદમ ઉઠાવવા જોઈએ તેમાં ક્યાંક ઢીલાસ યા ઉદાસીનતા દાખવવામાં આવી રહી હોવાનું ચર્ચાય છે.

દરમ્યાન છેલ્લા ત્રણ દિવસથી ગંભીર ઘટનાઓને પગલે પરિસ્થિતિ વધુ વણસે નહી તે માટે ગઈરાત્રે પોલીસ કાફલાએ દરગાહની આસપાસના મુસ્લિમ વિસ્તારોમાં સઘન ચેકિંગ કરી લગભગ ૧૦૫ જેટલા વ્યક્તિઓને અટકમાં લઈ તેઓને મહેસાણા લઈ જવામાં આવ્યા હતા. જેમાં કેટલાક નિર્દોષ વ્યક્તિઓનો પણ સમાવેશ થતો હોવાનું કહેવાય છે.

હાલ મુસ્લિમ વિસ્તારોમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયેલ છે. તેમ છતાં અંદરખાનગી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તતી હોવાનું ચર્ચાય છે. ઉનાવાની હિંસક ઘટનાઓમાં પોલીસની કાર્યપદ્ધતિ અને કથિત નિષ્ક્રિયતા સામે લોકોમાં સવાલો ઉઠ્યા છે.

મંગુભાઈ પટેલ અંબાજીની એકલવ્ય મોડેલ સ્કૂલની મુલાકાતે

વન અને પર્યાવરણ તથા આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી મંગુભાઈ પટેલે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ (જેતવાસ-અંબાજી)ની મુલાકાત લઈ શિક્ષણ તથા આનુસંગીક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીએ વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ અંગે પણ ચર્ચા કરી હતી. શાળામાં ઉપલબ્ધ વ્યવસ્થા તથા શિક્ષણ કાર્ય અંગે મંત્રીશ્રી પટેલે સંતોષ વ્યક્ત કર્યો હતો. મંગુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અંબાજી ખાતે જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટસ અન્વયે થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. મંત્રીશ્રીની મુલાકાત પ્રસંગે પ્રાયોજના વહીવટદારશ્રી એસ. કે. રાઠોડ, પ્રાન્ત અધિકારી અલગોતર, તકેદારી અધિકારી ઠાકુર, એકલવ્ય મોડેલ સ્કૂલના આચાર્ય ગિરીશભાઈ પટેલ તથા વન વિભાગ, પાણી પુરવઠા, યુજીવીસીએલ સહિત વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાંકરેજના લક્ષ્મીપુરામાં પશુપાલન શિબિર યોજાઈ

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પશુપાલન શાખા દ્વારા કાંકરેજ તાલુકાન ાલક્ષ્મીપુરા ગામે પશુપાલન શિબિર યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પશુપાલકો હાજર રહ્યા હતા. આ પશુપાલન શિબિરમાં ભરતસિંહે પશુપાલકોને પશુપાલનના વ્યવસાયથી થતા ફાયદા-ઘાસચારો, પશુઓની સારસંભાળ, પશુઓમાં થતા રોગો અને તેના નિવારણ તેમજ સારવાર બાબતે વિગતવાર માહિતી આપી શિબિરમાં ભરતસિંહ ભટેસરીયા, મફાજી સોલંકી, લલુજી સોલંકી, અણુજી ઠાકોર, રાજુભાઈ શાહ, પશુપાલક નિયામક જોષી સહિતના અગ્રણી હાજર રહ્યા હતાં.

કતપુર મહાકાલી મંદિરમાં તસ્કરો ત્રાટકયા

પ્રાંતિજ તાલુકાના કતપુર ખાતે આવેલ શ્રી મહાકાલી માતાનાં મંદિર ખાતે ગુરુવારની મોડી રાત્રે અજાણ્યા તસ્કરો દ્વારા મંદિરના પ્રવેશ દ્વારના તાળાં તોડી અંદર પ્રવેશ કરી દાનપેટી ઉઠાવી ગયા હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના કતપુર ગામે આવેલ શ્રી મહાકાલી માતાના મંદિર ખાતે રાત્રીના કોઈ પણ સમયે અજાણ્યા તસ્કરો દ્વારા મંદિરમાં પ્રવેશ કરી આખીને આખી દાન પેટી ઉઠાવી જઈ પાસે આવેલ ખુલ્લી અવાવરૂ જગ્યાએ દાનપેટી તોડી અંદરથી દશ હજાર રૂપિયાની ચોરી કરી પલાયન થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મયુરભારતી કાળુ ભારતી ગોસ્વામી રહે. લીમલા દ્વારા પોલીસ ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પાટણમાં ગેસ સેફટી કેમ્પ યોજાયો

પાટણ, તા. ૨૨

પાટણ શહેરની મિનળપાર્ક સોસાયટી ખાતે આજે ખુશ્બુ-સર્વોદય ગેસ એજન્સી દ્વારા ગેસ સેફટી કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં લાયન્સ કલબ ઓફ પાટણ પરિવારના સભ્યો સહભાગી બન્યા હતા. જેમાં મિનળપાર્ક સોસાયટીની બહેનોને ગેસ સિલિન્ડર બાબતે કઈ પ્રકારની જાળવણી રાખવી તેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગેસ એજન્સીના સંચાલક ભરતભાઈ પરમાર, સર્વોદય ગેસ એજન્સીના હસમુખ ભાટિયા, અર્જુનભાઈ યોગી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ યશપાલ સ્વામીએ કરી હતી.

હિંમતનગર તાલુકા પંચાયતની સમિતિઓની રચનાનું ગ્રહણ દૂર થયું

કારોબારીમાં ૯ અને ન્યાય સમિતિમાં ૫ સભ્યોની નિમણુક

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠામાં જિલ્લા પંચાયત અને આઠ તાલુકા પંચાયતોની યોજાયેલી ચૂંટણી બાદ તે પૈકી હિંમતનગર તાલુકા પંચાયતમાં એક અપક્ષને તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બનાવાતા વિવાદ થયો હતો. જે અંગે કોંગ્રેસના અગ્રણીઓએ વિરોધ કરનારાઓને સાંભળ્યા બાદ ખાનગીમાં ઘટતું કરવાની ખાતરી અપાઈ હતી. ત્યારબાદ ગુરૂવારે તાલુકા પંચાયતની સામાન્ય સભામાં કારોબારી અને ન્યાય સમિતિની રચના સુખરૂપ પાર પડાઈ હતી. જેથી આ ગ્રહણ દૂર થયું છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકા પંચાયત કોંગ્રેસે કબજે કર્યા બાદ પ્રદેશ નિરીક્ષક ગોવાભાઈ રબારીએ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ઈમરાનભાઈ ઠાકુર અને ઉપપ્રમુખ તરીકે અપક્ષમાંથી ચૂંટાયેલા વિષ્ણુસિંહ લાલસિંહ ચૌહાણની વરણી કરાઈ હતી. જેના કારણે કોંગ્રેસના ચૂંટાયેલા ૧૨ સદસ્યોએ ઉહાપોહ કરી પ્રદેશ કક્ષાએ જઈ ઉગ્ર રજુઆત કરી હતી.

બીજી તરફ તાલુકા પંચાયતની કારોબારી અને ન્યાય સમિતિની રચના ઘોંચમાં પડી હતી. જેથી પ્રદેશના મોવડીઓએ આ અંગે વિરોધ કરનારાઓને સાંભળ્યા બાદ તેમાં ફેરફાર કરવાની સહમતી ખાનગી મિટીંગમાં સધાઈ હતી. જેથી કારોબારી અને ન્યાય સમિતિની રચનાનો માર્ગ મોકળો બન્યો હતો.

જે આધારે ગુરૂવારે તાલુકા પંચાયતની સામાન્ય સભામાં કારોબારી સમિતિમાં ૯, જ્યારે ન્યાય સમિતિમાં ૫ સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. ઉપરાંત વિરોધપક્ષના નેતાની પણ સર્વાનુમતે બળવંતપુરા બેઠક પરથી ચૂંટાયેલા પ્રકાશભાઈ વેધની નિમણુંક કરવામાં આવી છે.

કારોબારી સમિતિમાં ચૂંટાયેલા સભ્યોમાં નયનાબેન ગિરીશભાઈ પટેલ (જામળા), ધુળસિંહ મુળસિંહ રહેવાર (ખણુસા), અમિતકુમાર ભોગીલાલ પટેલ (કાટવાડ), કેશરબેન અજમલભાઈ પરમાર (ગઢોડા), અંકિતકુમાર પુરૂષોત્તમભાઈ પટેલ (દેસાસણ), મુદ્દતસર હિફજુલરહેમાન વિજાપુરા (પરબડા), મમતાબેન સરતાનજી મકવાણા (બેરણા), ગીતાબેન ડાહ્યાભાઈ પટેલ (કડોલી), તારાબેન દશરથસિંહ ઝાલા (અડપોદરા) અને ન્યાય સમિતિમાં ચૂંટાયેલા સભ્યોમાં કમલેશભાઈ કાંતિલાલ પરમાર (વક્તાપુર), અળખીબેન નાથાભાઈ ચેનવા (ગઢા), અસારી સલમાબેન દિનેશકુમાર (ખાપરેટા), પરીખ રમેશભાઈ માનાભાઈ (કો.ઓપ્ટ.), સોલંકી અજીતકુમાર ભગાવાઈ (કો.ઓપ્ટ.)

સંક્ષિપ્ત સમાચાર

ધનસુરા અનાજ કિરાણા એસો.ના હોદ્દેદારોની વરણી

ધનસુરા અનાજ કિરાણા એસોસીએશનની વાર્ષિક સામાન્ય બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં ૨૦૧૫-૧૬ માટેના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં ધનસુરા અનાજ કિરાણા એસો.ના નવા પ્રમુખ પદે રાજુભાઈ ગુર્જર, ઉપપ્રમુખ તરીકે સંદિપ પટેલ, સહમંત્રી તરીકેમેહુલ શાહ અનેમીનેષ જયસ્વાલ અને ખજાનચી તરીકે ભાલાભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેને સર્વે સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

મેઘરજમાં ખેલ મહાકુંભ અંતર્ગત મહિલા કબડ્ડીની ટીમ તાલુકા કક્ષાએ વિજેતા

ખેલ મહાકુંભ-૨૦૧૫-૧૬ અંતર્ગત ખેલે ગુજરાત.. જીતે ગુજરાત ગતિશીલ ગુજરાતમાં ખેલનું વાતાવરણ સર્વને ખેલની પ્રતિભાની શોધનો ભવ્ય રમતોત્સવ અંતર્ગત મેઘરજ તાલુકાની પી.સી.એન. હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાની રમતો અંતર્ગત ખોખો, વોલીબોલ, કબડ્ડી, લાંબીકૂદ, ઊંચીકૂદ વગેરે રમતોનો ભવ્ય શુભારંભ કરાયો હતો તે અન્વયે તા. ૨૧ જાન્યુઆરીના રોજ આવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ મેઘરજની બહેનોની કબડ્ડીની ટીમ તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતા જાહેર થઈ હતી અને સેમી ફાયનલના રાઉન્ડમાં ભાઈઓની કબડ્ડીની ટીમ વિજેતા જાહેર થઈ હતી. જેમાં ભાઈઓની કબડ્ડીની ટીમ જિલ્લાકક્ષાએ પસંદગી પામી હતી. આ કબડ્ડી ટીમમાં ટીમ મેનેજર તરીકે પ્રો. અરવિંદભાઈ તળપદા તથા સહાયક તરીકે નારણભાઈ દામાએ વિદ્યાર્થીઓને વિજેતા થવા માટે સંપૂર્ણ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

વાડોઠમાંથી સોલાર લાઈટની બેટરીઓ ચોરાઈ

હિંમતનગર, તા. ૨૨

વડાલી તાલુકાના વાઠોડ ગામે છેલ્લા સાત દિવસ દરમિયાન અલગ અલગ જગ્યાએથી અજાણ્યા શખ્સો સોલાર લાઈટની એક વર્ષ જૂની રૂ. ૧૬,૫૦૦ની ૧૧ બેટરીઓની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે વાઠોડના રાજેશકુમાર હીરાભાઈ પટેલે બુધવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

અંકાલામાં પતિએ પત્નિને મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૨

ઈડર તાલુકાના અંકાલા ગામે રહેતા રંજનબેન સુરેશભાઈ પટેલને તેમના પતિ સુરેશભાઈ કેશવલાલ પટેલ દ્વારા લગ્ન બાદ સામાન્ય બાબતે વાંધા-વાચકા પાડી તારા બાપના ઘરેથી દહેજમાં દાગીના પૈસા ઓછા આપેલ છે તેમ કહી મ્હેણાં-ટોળા મારી ત્રાસ આપવામાં આવતો હતો. ઉપરાંત રંજનબેનને તું અહીંથી જતી રહે નહિ તો ઝેરી દવા પીવડાવી તને જાનથી મારી નાખીશ, મારે બીજી પત્નિ છે તેમ કહી રોજબરોજ ઝઘડા કરવામાં આવતા હતા. જેથી કંટાળીને રંજનબેન પટેલે સુરેશભાઈ પટેલ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

દેશોતરમાંથી ૯૦ હજારની બે ભેંસો ચોરાઈ

હિંમતનગર, તા. ૨૨

ઈડર તાલુકાના દેશોતર ગામે રહેતા સોમાજી વીરાજી ઠાકરડાના ઘરેથી બુધવારે રાત્રે અજાણ્યા શખ્સો રૂ. ૯૦ હજાર કિંમતની બે ભેંસોની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે સોમાજી ઠાકરડાએ ગુરૂવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

લાલસિંહજી કંપા પાટીયા પાસે વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૨

ખેડબ્રહ્માના લાલસિંહજી કંપા પાટીયા પર એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા વાલરણના એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું.

ધોળીવાવ ગામના જગદીશભાઈ લાસુભાઈ ડાભી ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે ખેતરમાં ભાગીયા તરીકે કામ કરે છે. જ્યારે તેમને ખેતીકામમાં વધુ કામ હોય તો વાલરણના બેચરભાઈને બોલાવતા હતા. મંગળવારે બેચરભાઈને બોલાવેલ અને કામ પૂર્ણ થતાં ઘરે જતા રહ્યા હતા. ગુરૂવાર સવારે ખેતરમાં કામ કરતા ત્યારે બેચરભાઈનો પુત્ર રોહિત આવીને જણાવેલ કે મારા પિતાજીને કોઈ વાહન ટક્કર મારી ભાગી ગયેલ છે. જેથી જગદીશભાઈ અને બીજા માણસો ત્યાં જઈ જોતા બેચરભાઈ મરણ ગયેલ હતા. જે અંગે જગદીશભાઈએ અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.